**તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૬ ટકા
છેલ્લા ૨૪ કલાક - ૬ મી.મી. વરસાદ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૫ | ૧૫ જુલાઈ, ૨૦૧૬, શુક્રવાર ; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## કાશ્મીર ખીણમાં હજુ પણ સંચારબંધી યથાવત

શ્રીનગર,તા. ૧૪

હિંસાગ્રસ્ત કાશ્મીર ખીણમાં સ્થિતીમાં હાલમાં સુધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે સ્થિતી વિસ્ફોટક હોવાના કારણે કાશ્મીર ખીણમાં તમામ જગ્યાએ જારી સંચારબંધીને યથાવત રાખવાનો જ નિર્ણય લેવામાં આવ્યો છે. આજે સતત છઠ્ઠા દિવસે સંચારબંધી અમલી રહી હતી. જેથી હવે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ખીણમાં ૧૦ જિલ્લાના તમામ ભાગોમાં સંચારબંધી અમલી છે. શ્રીનગર શહેરના જુના વિસ્તારોમાં પણ સંચારબંધી જારી છે. સ્થિતીને કાબુમાં લેવા માટે નવમી જુલાઈના દિવસે ખીણમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. તેના બે સાગરીત સાથે આઠમી જુલાઈના દિવસે અથડામણમાં ૨૨ વર્ષીય હિજબુલ કમાન્ડર બુરહાન વાની ઠાર થયા બાદથી હિંસાનો દોર ચાલી રહ્યો છે.

# જુન મહિનામાં ૧.૬૨ ટકા ફુગાવામાં વધારો

**ડબલ્યુપીઆઈ ફુગાવો જૂનમાં વધી ૧.૬૨ ટકા : વ્યાજ દર યથાવત રહી શકે : શાકભાજી અને ફળફળાદીના ભાવમાં રેકોર્ડ ઉછાળો : ખાદ્યાન્ન ફુગાવો જૂન મહિનામાં વધીને હવે ૮.૧૮ ટકા : શાકભાજીના ભાવ સતત વધતા લોકો પરેશાન : શાકભાજી ફુગાવો જૂનમાં વધીને ૧૬.૯૧ ટકા**



નવી દિલ્હી, તા.૧૪

શાકભાજી અને ફળફળાદી જેવી ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનિય વધારો થવાના પરિણામ સ્વરૂપે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) વધીને જૂન મહિનામાં ૧.૬૨ ટકા થયો છે. અગાઉના બે મહિનામાં રેટમાં બે ગણો વધારો થયો છે. અગાઉ ૦.૭૯ ટકાનો દર હતો. આવી જ રીતે રીટેઈલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો પણ ૨૨ મહિનાની ઉંચી સપાટી પર પહોંચ્યો છે અને તે ૫.૭૬ ટકાથી વધીને ૫.૭૭ ટકા થયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને આ આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેમની આગામી નાણાકીય નીતિ સમીક્ષામાં પોલિસી રેટમાં યથાસ્થિતિ રાખવાની ફરજ પડી શકે છે. આગામી મહિનામાં રિઝર્વ બેંક તેની નાણાકીય નીતિ સમીક્ષા જારી કરનાર છે. સત્તાવાર આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. તે મુજબ મોંઘવારી આસમાને પહોંચી રહી છે. શાકભાજી અને ફળના ભાવ રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા છે. ખાદ્યાન્ન ફુગાવો મે મહિનામાં ૭.૮૮ ટકા હતો. જે જૂનમાં વધીને ૮.૧૮ ટકા થયો છે. ખાદ્યાન્ન ફુગાવામાં વધારો ચિંતા ઉપજાવે તેવો છે કારણ કે એપ્રિલ મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૪.૭૦ ટકા હતો જ્યારે માર્ચમાં

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર પ્રદેશમાં શીલા દિક્ષિત મુખ્યમંત્રી પદના ઉમેદવાર



**પત્રકાર પરિષદ યોજીને કોંગ્રેસ દ્વારા જાહેરાત કરાતા સસ્પેન્સનો અંત : શીલા દિક્ષિતના નેતૃત્વમાં યુપીમાં ચૂંટણી લડવાના કોંગ્રેસના નિર્ણયથી અન્ય રાજકીય પક્ષોમાં ચર્ચા**

નવી દિલ્હી, તા.૧૪

ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને પીઢ નેતા શીલા દિક્ષિતને જાહેર કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા વિચારણાનો દોર શરૂ થયો છે. કોંગ્રેસે ખૂબજ હિંમતપૂર્વક ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે શીલા દિક્ષિતના નામની જાહેરાત આજે કરી દીધી હતી. કોંગ્રેસે આજે પત્રકાર પરિષદ યોજીને વિધિવત રીતે જાહેરાત કરી હતી. શીલા દિક્ષિતે પણ મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરાયા બાદ પાર્ટીનો આભાર માન્યો હતો. યુપી ચૂંટણી માટે કોંગ્રેસના ઈનચાર્જ ગુલામનબી આઝાદે કહ્યું હતું કે શીલા દિક્ષિત

● અનુસંધાન પાન-૭ પર

# ૩ લાખથી વધુ રોકડ લેવડ-દેવડ પર પ્રતિબંધની ભલામણ

**કાળા નાણા અંગેની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની ભલામણ : રોકડ જાળવી રાખવા અંગે કુલ ૧૫ લાખની અપર લીમીટની ભલામણ : વધુ રકમ જાળવવા અંગે ઈન્કટેક્સ કમિશનર પાસે મંજુરી જરૂરી બનાવવા સૂચન**

નવી દિલ્હી, તા.૧૪

કાળા નાણા અંગેની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટે) ત્રણ લાખથી ઉપરની રોકડ લેવડ દેવડ ઉપર પ્રતિબંધ મુકવાની ભલામણ કરી છે સાથે સાથે વ્યક્તિગતો પાસે રહેલી રોકડ રકમને મર્યાદિત કરવાની પણ ભલામણ કરી છે. અર્થતંત્રમાં ગેરકાયદે સંપત્તિ ઉપર બ્રેક મુકવાના હેતુસર ૧૫ લાખથી વધુની રકમ વ્યક્તિગતો પાસે રોકડમાં ન રાખવાની દિશામાં પગલા લેવા પણ કહેવામાં આવ્યું છે. જસ્ટીસ એમ.બી. શાહના નેતૃત્વમાં સીટે સુપ્રિમ કોર્ટને તેનો પાંચમો અહેવાલ સુપરત કરી દીધો છે જેમાં અર્થતંત્રમાં કાળા નાણાં ઉપર અંકુશ મુકવાની પદ્ધતિ ઉપર વાત કરવામાં આવી છે. પેનલને લાગે છે કે મોટી સંખ્યામાં બિનહિસાબી પદ્ધતિ રાખવામાં આવી છે અને રોકડના સ્વરૂપમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. જુદા જુદા દેશોની અંદર પ્રવર્તમાન જોગવાઈઓને ધ્યાનમાં લીધા બાદ તથા જુદા જુદા અહેવાલમાં અભ્યાસ કર્યા પછી તેમજ રોકડ લેવડ દેવડના સંદર્ભમાં કોર્ટના તારણોમાં અભ્યાસ કર્યા બાદ સીટ માને છે કે રોકડ લેવડ દેવડની અપર લીમીટ મુકી દેવાની જરૂર છે.

● અનુસંધાન પાન-૭ પર

# મેઘરજમાં ૮ ઈંચ વરસાદ

**ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વરસાદ : ગુજરાતના ૬૧ તાલુકાઓમાં નોંધનીય વરસાદ : છેલ્લા ૨૪ કલાકમાં માણાવદર, મોડાસા અને માલપુરમાં ચાર ઈંચ વરસાદ**

અમદાવાદ, તા.૧૪

કચ્છ અને તેના આસપાસના વિસ્તારો પર સર્જાયેલા અપર એર સાઈક્લોનીક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરૂપે ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદી દોર યથાવત રીતે જારી રહ્યો છે. ઉત્તર-પૂર્વીય અરેબિયન દરિયા ઉપર અપર એર સાઈક્લોનીક સરક્યુલેશનની સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. આજે ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદ જારી રહ્યો હતો. સવારમાં પણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. સમગ્ર ઉત્તર ગુજરાતમાં પણ સારો વરસાદ થયો છે. મેઘરજમાં ૮ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ૨૪ કલાકમાં મોડાસા અને માલપુરમાં ૪ ઈંચ, ધનસુરામાં ૨ ઈંચ જેટલો વરસાદ થયો છે. પાટણ, સિદ્ધપુર, હારીજ, સંખેશ્વરમાં બે બે ઈંચ જેટલો વરસાદ થયો છે. રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યના ૬૧ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસાવ્યો છે. જેમાં જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં ૧૧૮ મીમી એટલે કે ચાર ઈંચથી વધુ જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ૭૪ મીમી, પોરબંદર જિલ્લાના પોરબંદર

● અનુસંધાન પાન-૭ પર

# સાઈનો પહેલવાન કુસ્તીનો "સુલતાન" બન્યો

**તુર્કી ખાતે રમાઈ રહેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતના ખેલાડી આમીન શરીફનો સુવર્ણચંદ્રક : સાઈના બે ખેલાડીઓએ સતત બે ચંદ્રક જીતી ઈતિહાસ સર્જ્યો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની દિકરી જ્યોતિ સિસોદિયાએ જે વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યું છે તે જ સ્પર્ધામાં સાઈના વધુ એક ખેલાડીએ કુસ્તીની રમતમાં જ ગોલ્ડ મેડલ જીતી ગુજરાતનું નામ સુવર્ણ અક્ષરે કંડાર્યુ છે. મૂળ હરિયાણાનો પરંતુ સાઈ તરફથી ગુજરાત માટે રમતા ૧૯ વર્ષીય આમીન શરીફે ગઈકાલે પુરૂષ વિભાગની ૪ કિ.ગ્રા. કેટેગરીમાં ચાઈનાને હરાવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે.

ગાંધીનગરનું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈ સંકુલ વિવિધ રમતોમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ તૈયાર કરવામાં નામના પ્રાપ્ત કરી રહ્યું છે. સાઈ સંકુલના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના સ્પોર્ટસ ટ્રેનિંગ સેન્ટરના




ફ્રાંસના ખેલાડીને મ્હાત આપી ફાઈનલ પ્રવેશ કર્યો હતો. ફાઈનલ મેચમાં ચાઈનાના પહેલવાનનો હરાવી તેણે આ સિદ્ધિ હાંસલ કરવા સાથે ગુજરાત સહિત સમગ્ર દેશનું નામ વિશ્વકક્ષાએ રોશન કર્યું છે. ભારતના કુસ્તીના ઈતિહાસમાં વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં આ ખેલાડી આમીન શરીફે તુર્કી ખાતે રમાઈ રહેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સ ૨૦૧૬માં કુસ્તીની રમતમાં ૪૬ કિ.ગ્રા. કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો છે. આ ખેલાડીઓ પ્રથમ ઘટના છે. જેમાં દેશની બે યુવા પ્રતિભાએ સુવર્ણ તથા રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આમીન શરીફને સાઈના ડાયરેક્ટર જનરલ ઈન્જેરી શ્રીનિવાસ, રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ, સેન્ટર ઈન્ચાર્જ શશિ મોહન ધુમાલ તથા તેના કોચ હરીશ રાજૌરાએ અભિનંદન પાઠવ્યા છે. આમીન શરીફની આ જીતથી શહેરના સમગ્ર સ્પોર્ટસ આલમમાં બેવડી ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

## આમીનના પિતા મજૂરીકામ કરે છે

મૂળ હરિયાણાનો વતની ૧૯ વર્ષીય આમીન શરીફ ૨૦૧૪થી સાઈ હોસ્ટેલમાં રહી અભ્યાસ સાથે કુસ્તીની તાલીમ કોચ હરીશ રાજૌરા પાસે મેળવી રહ્યો છે. અગાઉ ૨૦૧૫માં સાઈ નેશનલ ગેમ્સમાં અન્ડર-૧૯ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ અને ૨૦૧૬માં દિલ્હી ખાતે રમાયેલ એસજીએફઆઈમાં પણ બ્રોન્ઝ મેડલ જીતનાર આમીન શરીફના પિતા મજૂરી કામ કરે છે.

ખૂબ જ સામાન્ય પરિવારના આમીનને તેની પ્રતિભાના આધારે ગાંધીનગર સાઈ ખાતે ગુજરાતની ટીમ માટે પસંદગી કરાઈ હતી. જ્યોતિ સિસોદિયા બાદ આમીન શરીફે પણ સાબિત કર્યું છે કે આર્થિક પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ જો તમે ધારો તો તમામ મુશ્કેલીઓ પાર પાડીને પણ જીવનમાં 'સુલ્તાન' બની શકો છો.


॥ જય શ્રી સ્વામિનારાયમ નમઃ ॥
ગાંધીનગરની સ્વાદપ્રિય જનતાના હૃદયમાં ૩૦ વર્ષથી વિશ્વનીય સ્થાન ધરાવતી જુની અને જાણીતી હોટલ ગોકુલના આપના સહકાર અને સહયોગથી શુભ પ્રયાણ કરી ૩૦ વર્ષની વણથંભી સફળતા પૂર્વક પૂર્ણ કરી ત્યારે આ શુભદિને હોટલ ગોકુલ પરિવાર અંતઃપૂર્વક આપ સૌ માટે આભારની લાગણી વ્યક્ત કરે છે
૩૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે
ગુજરાતી થાળી
VEG
સ્પે. મેન્યુ સાથે સ્વીટ ફ્રી
હોટલ ગોકુલ
એ.સી. ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
ગુજરાતી થાળી
માસિક જમવાની વ્યવસ્થા
ટીફીન સેવા ઉપલબ્ધ
એ.સી. તથા નોન એ.સી. રૂમ
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે.
પ્લોટ નં. ૪૩૭, એક્સીસ બેન્કની બાજુમાં, ઘ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન. ૨૩૨ ૪૮૬૨૮, મો. ૯૯૨૪૯૪૮૬૨૮ www.hotalgokul.com
goibibo yatra.com makemytrip cleartrip Stayzilla travelguru paytm Justdial facebook

રેલ્વે / Air / 2x2 બસ દ્વારા LTC પ્રવાસો
ગુજરાતી-પંજાબી-ચાઈનીઝ-કાઠીયાવાડી ભોજન
બુકીંગ કરાવો રેલ્વે ટીકીટ ફ્રી
કેરાલા મુન્નાર-થેકડી | દ. ભારત ઉટી-કોડાઈ-ક.કુમારી | કુર્ગ-કાબીની ઉટી-વાયનાડ | કાશ્મીર પહેલગાંવ-વૈષ્ણોદેવી | હિમાચલ શિમલા-મનાલી-અમૃતસર
નૈનીતાલ મસુરી-કોર્બેટ | નેપાળ પોંખરા-ચિતવન | દાર્જીલીંગ લાચુંગ-પેલીંગ | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | આસામ શિલોંગ-કાઝીરંગા
આંદામાન નિકોબાર-હેવલોક | ગોવા મહાબળેશ્વર-લોનાવાલા | પંચમઢી કાન્હા-જબલપુર | રાજસ્થાન જોધપુર-જેસલમેર | અક્ષરધામ-હરિદ્વાર મથુરા-આગ્રા
ટ્રીપ યાત્રા હોલીડેઝ 70431 95999 70431 96999

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET





D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 2 p.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E 76, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651